# તમામ બ્રિજનું વર્ષમાં બે વાર ઈન્સપેક્શન કરાશે

**રાજ્ય સરકારે બ્રિજની સ્થિતિ પર નવી નીતિ જાહેર કરી : કોઈ મોટી દુર્ઘટના ન સર્જાય તેમજ વાહન ચાલકોને હાલાકી ન ભોગવવી પડે તે હેતુથી રાજ્ય સરકારે બ્રિજની નીતિ અંગેની માર્ગદર્શિકા જારી કરી**

ગાંધીનગર, તા.૯

રાજ્ય સરકારે બ્રિજની સ્થિતિ પર નવી નીતિ જાહેર કરી છે. રાજ્યભરમાં આવેલા બ્રિજના ઈન્સ્પેક્શનને લઈ રાજ્ય સરકારે મહત્વનો નિર્દેશ કરી માર્ગદર્શિકા જાહેર કરી છે. કોઈ મોટી દુર્ઘટના ન સર્જાય તેમજ વાહનચાલકોને હાલાકી ન ભોગવવી પડે તે હેતુથી સરકારે બ્રિજની નીતિ નીતિ અંગેની માર્ગદર્શિકા જારી કરી છે. આ માર્ગદર્શિકા મુજબ રાજ્યભરમાં જેટલા પણ બ્રિજ આવેલા છે, તેનું વર્ષમાં ૨ વખત ઈન્સ્પેક્શન કરવાની જાહેરાત કરાઈ છે. તમામ બ્રિજના નિરીક્ષણની સંપૂર્ણ જવાબદારી ડે.એક્ઝિક્યુટિવ ઈજનેરના શિરે હશે.

દરમિયાન રાજ્ય સરકારે બ્રિજની સ્થિતિ અને કામગીરીને લઈને નવી નીતિ જાહેર કરી છે. રાજ્ય સરકારના માર્ગદર્શિકા મુજબ બ્રિજનું ૬ મહિનામાં એકવાર ઈન્સ્પેક્શન કરવામાં આવશે, એટલે કે વર્ષમાં ૨ વખત ઈન્સ્પેક્શન કરવું ફરજીયાત રહેશે. રાજ્યભરમાં આવેલા તમામ બ્રિજો પર કોઈ મોટી દુર્ઘટના ન બને તે હેતુને ધ્યાને રાખી સરકારે નવી માર્ગદર્શિકા જાહેર કરી બ્રિજનું વર્ષમાં બે વખત ઈન્સ્પેક્શન કરવાનો નિર્દેશ આપ્યો છે. રાજ્યના તમામ બ્રિજોનું વર્ષનમાં મે મહિનો અને ઓક્ટોબર મહિનામાં ઈન્સ્પેક્શન કરવાનું જણાવ્યું છે. બ્રિજની નવી નીતિ અંગેની માર્ગદર્શિકા મુજબ તમામ બ્રિજોની ઈન્સ્પેક્શનની સંપૂર્ણ જવાબદારી ડેપ્યુટી એક્ઝિક્યુટિવ ઈઝનેરના શિરે રહેશે.ઉલ્લેખનિય છે કે, તાજેતરમાં જ શહેરમાં પૂર્વ વિસ્તારમાં આવેલા હાટકેશ્વરમાં છત્રપતિ શિવાજી મહારાજ બ્રિજ બનાવવામાં નબળી ગુણવત્તાનું મટિરિયલ વપરાયું હોવાનો આક્ષેપ વિપક્ષો દ્વારા કરાયો હતો. જ્યારથી આ બ્રિજ બન્યો છે, ત્યારથી બંધ હાલતમાં હોવાનો પણ આક્ષેપ કરાયો હતો. બ્રિજ છેલ્લા ૬ મહિનાથી રિપેરિંગના નામે બંધ કરાયો છે. બ્રિજ બનીને તૈયાર થયો ત્યારે ૫૦ વર્ષ સુધી ચાલશે તેવો પણ દાવો કરાયો હતો, જોકે ૫ વર્ષમાં રિપેરિંગ માટે પાંચ વખત બ્રિજ બંધ કરવાની નોબત આવી છે. હાટકેશ્વરના આ બ્રિજનો ૨૦૨૨માં જ સોલિડ એન્ડ મટિરિયલ ટેસ્ટિંગ લેબોરેટરીમાં રિપોર્ટ કરાયો હતો. આ રિપોર્ટમાં છત્રપતિ શિવાજી મહારાજ બ્રિજમાં હલકી ગુણવત્તાનું મટિરિયલ વપરાયું હોવાનો ખુલાસો થયો છે. ત્યારે વિપક્ષો આક્ષેપ કર્યો છે કે ૨૦૨૨માં બ્રિજની ક્વોલિટીનો રિપોર્ટ આવી ગયો હતો, પરંતુ ચૂંટણી હોવાથી તેને દબાવીને રાખવામાં આવ્યો.

# ગુજરાતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉચ્ચ કક્ષાની બેઠકો

**CM, પાટિલ સહિત ટોચના IAS સાથે મીટિંગ : વડાપ્રધાન મોદીએ નમો સ્ટેડિયમમાં ભારત વર્સિસ ઓસ્ટ્રેલિયાની મેચનો ટોસ ઉછાળી પ્રારંભ કરાવ્યો હતો**

અમદાવાદ, તા.૯

પ્રધાનમંત્રીએ નમો સ્ટેડિયમમાં ભારત વર્સિસ ઓસ્ટ્રેલિયાની મેચનો ટોચ ઉછાળી પ્રારંભ કરાવ્યો હતો. જેના બાદ પ્રધાનમંત્રી રાજભવન રવાના થયા હતા. પરંતુ ત્યાર બાદથી તેઓ સતત ગુજરાતના નેતાઓ સાથે બંધબારણે મીટિંગ કરી રહ્યાં છે. પીએમ મોદીએ મુખ્યમંત્રી ભુપેન્દ્રોપટેલ સાથે રાજભવનમાં દોઢ કલાક ગુપ્ત બેઠકો કરી હતી. તેના બાદ મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે.કૈલાશનાથન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળવા માટે રાજભવન પહોંચ્યા હતા. તો ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ અને ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર સાથેની પણ બેઠક પૂર્ણ થઈ છે. બંને પ્રધાનમંત્રીને મળી રાજભવનથી નીકળ્યા હતા. તો ગુજરાતના અનેક સિનિયર આઈએસ અધિકારીઓને પણ પ્રધાનમંત્રીએ રાજભવનમાં બોલાવ્યા હતા. ત્યારે રાજભવનમાં સરકાર અને સંગઠન સાથે વડાપ્રધાન મોદીની મહત્વની ગુપ્ત બેઠકોમાં શુ રંધાયુ તે હજી સામે આવ્યું નથી. પરતું શું ફરી મોટા ફેરફાર આવવાના આ સંકેત છે તેવી ચર્ચા વહેતી થઈ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે સરકાર અને સંગઠનની બેઠક પૂર્ણ થઈ છે.મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ અને સંગઠન મહામંત્રી રત્નાકર રાજભવનથી રવાના થયા હતા.

અંદાજે ૧.૩૦ કલાક ચાલી રાજભવન ખાતે બેઠકોનો ધમધમાટ ચાલ્યો હતો. ત્યારે સરકાર અને સંગઠનની બેઠક બાદ હવે પ્રધાનમંત્રીની હાજરીમાં અન્ય મહત્વની બેઠકો શરૂ થઈ હતી. જેમાં મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે કૈલાસનાથન, મુખ્યસચિવ રાજકુમાર સહિતના સિનિયર અધિકારીઓ રાજભવનમાં જોવા મળ્યા હતા. આ બેઠકોમાં ગુજરાતના વિકસલક્ષી પ્રોજેક્ટોની સમીક્ષા કરાઈ હતી. જેમાં મેટ્રો ટ્રેન, બુલેટ ટ્રેન, સાબરમતી રીડેવલપમેન્ટ સહિતના વિષયો પર ચર્ચા કરાઈ હતી.પીએ મોદી મોટેરા સ્ટેડિયમથી સીધા રાજભવન ખાતે જવા રવાના થયા હતા. પ્રધાનમંત્રીના કાફલાની સાથે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને રાજયપાલ આચાર્ય દેવવ્રતનો કાફલો પણ રાજભવન પહોંચ્યો હતો. જેમાં રાજભવન ખાતે પ્રધાનમંત્રીએ મહત્વની બેઠકો કરી હતી.

**૧૧ અને ૨૫ માર્ચે નોંધણીની કામગીરી ચાલુ રહેશે**

ગાંધીનગર, તા.૯

રાજ્યની સબ-રજીસ્ટ્રાર કચેરીઓમાં નાણાંકીય વર્ષના અંતમાં દસ્તાવેજ નોંધણીની કામગીરી વધારે રહેતી હોઈ જાહેર જનતાના હિતને ધ્યાનમાં રાખી તા.૧૧/૦૩/૨૦૨૩ તથા તા.૨૫/૦૩/૨૦૨૩ના જાહેર રજાના દિવસોએ રાજ્યના ૧૮ જિલ્લાની બાવન સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણી અંગેની કામગીરી ચાલુ રાખવા નોંધણી સર નિરીક્ષકની કચેરી, ગાંધીનગર દ્વારા હુકમ કરવામાં આવ્યો છે. આ બંને દિવસોએ નિયમિત દિવસની જેમ જ ઓનલાઈન એપોઈન્ટમેન્ટ મેળવીને દસ્તાવેજ નોંધણી કરાવી શકાશે.

રાજ્યના ગાંધીનગર અમદાવાદ સહિત તમામ જિલ્લામાં તા.૧૧તથા તા. ૨૫-ના રોજ ચાલુ કામકાજના દિવસની જેમ જ દસ્તાવેજ નોંધણી કરાવી શકાશે એમ નોંધણી સર નિરીક્ષકની કચેરી, ગાંધીનગરની યાદીમાં જણાવાયુંછે.

# વડાપ્રધાન મોદીની ક્રિકેટ ડિપ્લોમસી ઓસી. વડાપ્રધાન સાથે મેચ જોઈ

અમદાવાદ, તા.૯

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૪ ટેસ્ટ મેચની સિરિઝની છેલ્લી મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમવામાં આવી હતી. મેચના દિવસે બંને દેશના વડાપ્રધાન મેચ જોવા માટે સ્ટેડિયમ પહોંચ્યા હતા. આ દરમિયાન વડાપ્રધાને દેશના કેપ્ટન સાથે મુલાકાત કરી હતી અને એક ખાસ ટોપી આપીને સન્માનિત કર્યો હતો. તેટલું જ નહીં, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની એલ્બાનિઝ સાથે મેચ જોઈ હતી. ભારત માટે 'ઑૈષ્ઠિીં ૈંક્ષર્દ્બક્રષ્ઠઅ' કોઈ નવી વાત નથી. તેનું તાજું ઉદાહરણ અમદાવાદમાં જોવા મળ્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે અમદાવાદમાં ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની એલ્બાનિઝ સાથે ભારત અને ઓસ્ટ્રેલિયાની ચોથી ટેસ્ટ મેચ જોઈ હતી. તે દરમિયાન બંને વડાપ્રધાન રાષ્ટ્રગીત ગવાયું ત્યારે પોતપોતાની ટીમ સાથે ઊભેલા જોવા મળ્યા હતા અને ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

યૂપીએ સરકારના સમય કરતાં અલગ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ Cricket Diplomac અને 'ભારત-પાકિસ્તાન બ્રેકેટ'થી બહાર કાઢવાની કોશિશ કરી છે. પીએમ મોદીએ એક ફ્રેન્ડલી દેશને અમદાવાદનું આમંત્રણ આપ્યું જેથી તેમની સાથે ભારતનો સંબંધ મજબૂત થઈ શકે અને તેના માટે ક્રિકેટથી વધુ બીજું કંઈ નથી.

સૂત્રો જણાવે છે કે, ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની એલ્બાનિઝને ભારતીય કલ્ચર સાથે હળવા-મળવાની કોશિશ કરી હતી. પીએમ એલ્બાનિઝે અમદાવાદમાં હોળી રમી અને દુનિયાને બંને દેશ વચ્ચે વધતી દોસ્તીનો સંદેશ આપ્યો. વર્ષ ૨૦૦૫માં તત્કાલિન પાકિસ્તાની રાષ્ટ્રપતિ પરવેઝ મુશર્રફે ભારતની મુલાકાત લીધી હતી અને દિલ્હીના ફિરોઝ શાહ કોટલા સ્ટેડિમ (હવે અરુણ જેટલી સ્ટેડિયમ)માં મનમોહન સિંઘ સાથે મેચ જોઈ હતી. મનમોહન સિંઘે તે સમયે મુશર્રફને મેચ જોવા માટે આમંત્રણ આપ્યું હતું અને કહ્યુ હતુ કે, 'ક્રિકેટ અને બોલિવૂડનો પ્રેમ બંને દેશોને એકબીજા સાથે જોડી રાખે છે.'

ત્યારબાદ વર્ષ ૨૦૧૧માં યુસુફ રઝા ગિલાની મોહાલીના પીસીએ સ્ટેડિયમમાં વર્લ્ડ કપની સેમિફાઈનલની મેચ જોવા ભારત આવ્યા હતા. પછી બંને નેતાઓએ એવી જ રીતે મુલાકાત લીધી હતી, જેવી રીતે ભારત અને ઓસ્ટ્રેલિયાની મેચ દરમિયાન ગુરુવારે અમદાવાદમાં બે દેશના વડાપ્રધાન જોવા મળ્યા હતા. જો કે, કેટલાક પ્રયત્નો પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે સંબંધ તણાવપૂર્ણ બન્યા રહે છે.

## ગુજરાતમાં સુપ્રસિદ્ધ યાત્રાધામ બહુચરાજીનો ત્રણ તબક્કામાં સુગ્રથિત વિકાસ હાથ ધરાશે

ગાંધીનગર, તા.૯

ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુત અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, ઉત્તર ગુજરાતના પૌરાણિક અને ધાર્મિક મહત્વ ધરાવતા માં બહુચરના યાત્રાધામ બહુચરાજીનો ત્રણ તબક્કામાં સુગ્રથિત વિકાસ હાથ ધરાશે. જેમાં પ્રથમ તબક્કામાં રૂપિયા ૨૦ કરોડની ફાળવણી રાજ્ય સરકાર દ્વારા કરાઈ છે.

મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, લાખો શ્રદ્ધાળુઓના પ્રતીક સમા માં બહુચરના ધામ ખાતે યાત્રાળુઓને વધુને વધુ સુવિધા મળી રહે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ હયાત સુવિધાઓ અને આગામી ૨૫ વર્ષમાં બહુચરાજી તીર્થધામના વિકાસ માટે માસ્ટર પ્લાનિંગ કરી ત્રણ તબક્કામાં વિકાસ કરવાનું આયોજન કરાયું છે. જેમાં મુખ્યમંત્રીશ્રીએ પ્રથમ તબક્કામાં આજે પૂનમના પવિત્ર દિવસે રૂપિયા ૨૦ કરોડ ફાળવ્યા છે.

જે હેઠળ માતાજીના મંદિરના ગર્ભગૃહ, નૃત્ય મંડપ તથા મંદિરની શિખર ની ઊંચાઈ જે હાલ ૪૯ ફૂટ છે. તે વધારીને અંદાજે ૭૧.૫ ફૂટ કરવામાં આવશે. જે થકી મંદિર પરિસર ભવ્ય અને દિવ્ય બનશે અને યાત્રાળુ માટે આકર્ષણનો કેન્દ્ર બનશે. મંદિરની ઊંચાઈ વધારવાની સાથે સાથે આવનારા સમયમાં મંદિરના પરિસર અને વિકાસનું આયોજન કરવામાં પણ આવશે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આ સમગ્ર કામગીરી હાથ ધરવામાં આવશે.

રાજ્યમાં આરાસુર અંબાજી શક્તિપીઠ મહાકાળીધામ પાવાગઢ, શકિતપીઠ અને બહુચરાજી શક્તિપીઠ પૌરાણિક, ઐતિહાસિક અને ધાર્મિક રીતે અતી મહત્વના શક્તિપીઠો હોય આવનારા શ્રદ્ધાળુઓની આસ્થાને અનુરૂપ વધુને વધુ સારી વ્યવસ્થાઓ અને સુવિધાઓ ઉપલબ્ધ બનાવવા માટે આ સમગ્ર આયોજન કરાયું છે.

# ગિફ્ટ સિટી ખાતે સ્થપાશે પ્રથમ ફોરેન યુનિવર્સિટી કેમ્પસ

**ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની અલ્બનીઝ એમપી, ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલની પ્રેરક ઉપસ્થિતિ**

ગાંધીનગર, તા.૯

ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન શ્રી એન્થની અલ્બનીઝ એમપી ગુજરાતના બે દિવસીય પ્રવાસે છે. ગુજરાતના ગિફ્ટ સિટી ખાતે ઓસ્ટ્રેલિયાની ડીકન યુનિવર્સિટીના સર્વપ્રથમ ઈન્ટરનેશનલ બ્રાન્ચ કેમ્પસ સ્થપાવા જઈ રહ્યું છે. ત્યારે ભારત અને ઓસ્ટ્રેલિયાના મજબૂત શૈક્ષણિક સબંધોની ઉજવણી માટે અમદાવાદ ખાતે આજે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાનશ્રી, ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડીકન યુનિવર્સિટીને ગુજરાતમાં આવકારતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ગુજરાત આજે દેશનું રોલ મોડેલ બન્યું છે અને તેમના જ માર્ગદર્શનમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતને એજ્યુકેશન હબ બનાવવાનું મિશન પણ ગુજરાત સરકારે કાર્યાન્વિત કર્યું છે... સાથે સાથે એજ્યુકેશન પોલીસી અંતર્ગત ભારતની શિક્ષણ નીતિનું આંતરરાષ્ટ્રીય કક્ષાની બનાવવાની પહેલ પણ તેમના જ માર્ગદર્શનમાં કરવામાં આવી છે, એમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ભારતમાં ફોરેન યુનિવર્સિટી સ્થાપવા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં જોઈન્ટ/ ડ્યુઅલ/ ડિગ્રી ડ્રાફ્ટ રેગ્યુલેશનનો સમાવેશ કરવામાં આવ્યો છે, એ પરિપ્રેક્ષ્યમાં ઓસ્ટ્રેલિયાની ડીકન યુનિવર્સિટી ગાંધીનગર નજીક ગિફ્ટ સિટીમાં તેનું આંતરરાષ્ટ્રીય કેમ્પસ શરૂ કરી રહ્યું છે, તે ગુજરાત માટે ગૌરવની વાત છે. ડીકન યુનિવર્સિટીનો 'ભારતમાં, ભારત સાથે અને ભારત માટે'નો અભિગમ આવકાર્ય છે, એમ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ભારત અને ડીકન યુનિવર્સિટી વચ્ચે લગભગ છેલ્લા ત્રણ દશકથી સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ડીકન યુનિવર્સિટી અને ભારતીય શિક્ષણ સંસ્થાઓ, ઉદ્યોગ તથા સરકાર વચ્ચેની પાર્ટનરશીપ પરિણામલક્ષી બનશે, એટલું જ નહીં પરંતુ ઉદ્યોગ જગતમાં ગ્રેજ્યુએટ મેનપાવર ઉપલબ્ધ કરવા ગિફ્ટ સિટીએ નિશ્ચિત કરેલા લક્ષ્યાંકને સાકાર કરવા ડીકન યુનિવર્સિટી-ઈન્ટરનેશનલ બ્રાન્ચ કેમ્પસ સહાયરૂપ બનશે તેવો વિશ્વાસ છે. ગિફ્ટ સિટી એ વિશ્વ માટે ભારતનું પ્રથમ ફાઈનાન્શિયલ એન્ડ ટેકનોલોજી ગેટ-વે હોવાનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે ગિફ્ટ સિટીમાં બેકિંગ, ઈન્શ્યોરન્સ અને ફાઈનાન્શિયલ માર્કેટમાં અંતરરાષ્ટ્રીય વ્યવહારો માટે વૈશ્વિક સ્તરનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ છે. જે ઈન્ટરનેશનલ યુનિવર્સિટીઝ ગિફ્ટ સિટીમાં પોતાની બ્રાંચ કેમ્પસ ખોલવા માંગતી હોય તેમને તમામ સહયોગ આપવા ગુજરાત તત્પર છે, એમ તેમણે ઉમેર્યુ હતું.




## ગાર્ડ ઓફ ઓનર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખુલ્લું, સમાવિષ્ટ અને સમૃદ્ધ છે તેની ખાતરી કરવા માટે અમે અતૂટ પ્રતિબદ્ધતા શેર કરીએ છીએ. ભારત અને ઓસ્ટ્રેલિયા નજીકના વ્યૂહાત્મક ભાગીદારો છે. આ વર્ષે ઓગસ્ટમાં માલાબાર નેવી ઓસ્ટ્રેલિયા, ભારત, જાપાન અને અમેરિકા સાથે કવાયત કરશે. ભારત પ્રથમ વખત ઓસ્ટ્રેલિયાના તાલિસ્માન સેબર અભ્યાસમાં ભાગ લેશે.

INS વિક્રાંતને ગયા વર્ષે સપ્ટેમ્બરમાં નેવીમાં સામેલ કરવામાં આવ્યું હતું. ૪૫,૦૦૦ ટનનું યુદ્ધ જહાજ ૨૦,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યું હતું. ૨૬૨ મીટર લાંબુ અને ૬૨ મીટર પહોળું INS વિક્રાંત ભારતમાં નિર્માણ થનારું સૌથી મોટું યુદ્ધ જહાજ છે. તે મિગ-૨૯કે ફાઈટર જેટ અને હેલિકોપ્ટર સહિત ૩૦ એરક્રાફ્ટ લઈ જઈ શકે છે.

## ધરપકડ કરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ પહેલા મંગળવારે EDના અધિકારીઓ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ સિસોદિયાનું નિવેદન રેકોર્ડ કરવા તિહાર જેલમાં પહોંચ્યા હતા. EDએ સિસોદિયાની પૂછપરછ કરવા માટે કોર્ટ પાસેથી પરવાનગી લીધી હતી. જો તપાસ અધિકારીને એવું માનવાનાં કારણો મળે છે કે તે વ્યક્તિ મની લોન્ડરિંગના ગુના માટે દોષિત છે, તો ED PMLA ની કલમ ૧૯ લાગુ કરી શકે છે, જે તેને કેસમાં સામેલ વ્યક્તિઓ અથવા આરોપીઓની ધરપકડ કરવાની મંજૂરી આપે છે.

આ વચ્ચે આમ આદમી પાર્ટીએ તિહાડ જેલમાં મનીષ સિસોદિયાની સુરક્ષાને લઈને ચિંતા વ્યક્ત કરી અને આરોપ લગાવ્યો કે તેમને અન્ય ગુનેગારો સાથે રાખવામાં આવી રહ્યાં છે. પરંતુ જેલ તંત્રએ આ આરોપ નકારી દીધા છે. આપના રાષ્ટ્રીય પ્રવક્તા સૌરભ ભારદ્વાજે આરોપ લગાવ્યો કે સિસોદિયાને જેલમાં વિપશ્યના પ્રકોષ્ઠમાં રાખવાનો ઈનકાર કરી દેવામાં આવ્યો છે. તેમણે કહ્યું હતું કે મનીષ સિસોદિયાને વિપશ્યના વિભાગમાં રાખવા માટે કોર્ટની મંજૂરી મળી હતી, પરંતુ તેમ છતાં તેમને જેલ સંખ્યા એકમાં ગુનેગારોની સાથે રાખવામાં આવી રહ્યાં છે. કેન્દ્રએ તેનો જવાબ આપવો જોઈએ. આ આરોપોને પાયાવિહોણા ગણાવતા દિલ્હી જેલ અધિકારીઓએ કહ્યું કે મનીષ સિસોદિયાને તિહાડની કેન્દ્રીય જેલ સંખ્યા ૧ના વોર્ડમાં રાખવામાં આવ્યા છે જ્યાં ઓછા કેદી છે અને કોઈ ખૂંખાર ગુનેગાર નથી.



માઉન્ટ કાર્મેલ હાઈસ્કુલ, ગાંધીનગર, તારીખ.૦૯ /૦૩/ ૨૦૨૩ ના રોજ સ્કાઉટ ગાઈડ વિદ્યાર્થીઓએ સ્કાઉટ ગાઈડના સિમ્બોલ્સ દોરીને પોતાની આવડતને બહાર લાવ્યા હતા.? આ દિવસે ચિત્ર સ્પર્ધા સ્કાઉટ અને ગાઈડના વિદ્યાર્થીઓ માટે રાખવામાં આવી હતી. તેઓને સ્કાઉટ એન્ડ ગાઈડના અલગ અલગ નિશાનીઓની (સિમ્બોલ્સ) આ પ્રવૃત્તિ દ્વારા જાણ થઈ હતી. ખૂબ જ ઉત્સુકતાથી ઘણા વિદ્યાર્થીઓએ આ પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધા રાખવા બદલ આચાર્યશ્રી સિસ્ટર જેનિફર તથા સર મિનેષ, સર રાહુલ અને ટીચર ચંદ્રિકા નો જેઓએ સ્કાઉટ એન્ડ ગાઈડના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.



મણિનગર શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે ફુલદોલોત્સવની ઉજવણી કરાઈ, ભગવાનને કર્યો ધાણી અને હારડાનો શણગાર કરવામાં આવ્યું હતું.

# કમોસમી વરસાદે ખેડૂતોના મોઢામાં આવેલો કોળિયો છીનવી લીધો

અમદાવાદ, તા.૯

ભાવનગર જિલ્લામાં છેલ્લા બે ત્રણ દિવસથી થયેલા કમોસમી વરસાદથી અને ભારે પવન સાથે વરસાદ આવતા ખેડૂતોના ખેતરમાં રહેલ પાકને ભારે નુકસાન થયું છે. ચણા અને ઘઉંના ખેતરમાં પાથરા હતા. અચાનક આવેલા વાવાઝોડાનાં કારણે પાથરા ઉડી ગયા હતાં. તેમજ કેરી ખરી પડતા ભારે નુકસાન થયું છે. ભાવનગર જિલ્લાનાં મહુવા, તળાજા, પાલિતાણા, જેસર, ગારિયાધાર, વલભીપુર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ઘઉં, ચણા, જીરું, લીંબુ વગેરે પાકોને વ્યાપક નુકસાન થયુ છે. જેથી ખેડૂતોએ સરકાર પાસે સરવે કરાવી નુકસાનની સહાય આપવા માંગ કરી છે. જેસર પંથકમાં ફુંકાયેલા મીની વાવાઝોડાનાં કારણે ઉભો પાક ઢળી ગયો હતો. ઘઉં ઢળી પડતા ખેડૂતોને નુકસાની થઈ છે. તેમજ કેટલીક જગ્યાએ ઘઉં મુળમાંથી ઉખડી ગયા હતાં. આ પ્રકારના નુકસાન ઠવી, ભમોદરા, જેસર પંથકના ગામોમાં પણ થયુ છે. હાલ આંબામાં મોર અને ખાખડી છે. પરંતુ માવઠા અને ભારે પવનનાં કારણે ખાખડીને ભારે નુકસાન થયું હતું. ખાખડી ખરી પડી હતી. મોર પણ ખરી ગયો હતો. વ્યાપક પ્રમાણમાં કેરીનાં પાકને નુકસાન થયું છે. ખેડૂતોએ સરવે કરી સહાય આપવાની માંગ કરી છે.